અતિવૃષ્ટીના કારણે ફટાકડાનું ઉત્પાદન ઓછું થતાં ૧૦ થી ૧૫ ટકાનો ભાવ વધારોઃ

જામનગરમાં ફટાકડા બજારમાં દિવાળીની ખરીદીનો માહોલ જામ્યો

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

સૌરાષ્ટ્રનું પેરીસ ગણાતા જામનગર શહેરમાં દરેક તહેવારો ધામ-ધૂમથી ઉજવાય છે ત્યારે શ્રાવણ મહિનાથી શરૂ થતાં તહેવારોનું વિશેષ મહત્ત્વ હોય છે. દિપાવલીના તહેવારોને હવે જુજ દિવસો રહ્યા છે ત્યારે જામનગરની ફટાકડા બજારમાં પણ ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આમ તો દશેરાએ રાવણ દહન થયા પછી જ ફટાકડાની ખરીદી થવા લાગે છે. આ વખતે સમગ્ર દેશમાં અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ હોવાના કારણે ફટાકડાના પ્રોડકશનને વધુ અસર પહોંચી છે. જેના કારણે આ વખતે ફટાકડાની કિંમતમાં પણ ૧૦ થી ૧૫ ટકા જેટલો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. મુન્નાભાઈ નાગોરીના જણાવ્યા પ્રમાણે આ વખતે સરકારની ગાઈડ લાઈન પ્રમાણે ફાયર એનઓસીની સખત અમલવારી કરવામાં આવી રહી છે. જામનગર શહેરની વાત કરીએ તો અંદાજીત ૨૦૦ જેટલા કાયદેસરના સ્ટોલ-દુકાનોને ફટાકડા વહેંચાણ માટે મંજુરી આપવામાં આવી છે. દર વર્ષે ફટાકડાઓમાં અવનવી વેરાયટીઓ આવતી જ રહે છે. જેમાં બાળકોમાં ખાસ તો પોપોપ હોટ ફેવરીટ રહે છે. યુવાનોમાં ખાસ તો અલગ-અલગ પ્રકારના આકાશી શોટ જેમાં ૫૦ શોટ થી ૨૦૦ શોટના રંગબેરંગી ફટાકડાઓની પણ વધુ માંગ રહે છે. ફુલઝર, ઝાળ, જમીનચકરી, લવીંગીયા, સર, સુતળી બોમ્બની ડીમાન્ડ હજુ યથાસ્થાને જ રહી છે.

અન્ય એક વેપારીને પણ ચેક પરતના કેસમાં સજાઃ

કલ્યાણપુરના માલેતા ગામના આસામીની ચેક પરતની રાવમાં એક વર્ષની કેદસજા

જામનગર તા. ૨૫ઃ કલ્યાણપુરના માલેવા ગામના એક આસામીએ જામનગરના વેપારી સામે કરેલી ચેક પરતની ફરિયાદમાં અદાલતે એક વર્ષની કેદ અને એક લાખનો દંડ ફટકાર્યો છે. જ્યારે ઉધાર મોબાઈલ ખરીદનાર નગરના વેપારીને પણ એક વર્ષની કેદ અને રૂ.૯૫,૩૯૭નો દંડ ભરવા આદેશ કરાયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના માલેતા ગામમાં રહેતા દિગુભા ગજુભા જાડેજા પાસેથી જામનગરના વેપારી ઈકબાલભાઈ ઈસ્માઈલ બ્લોચે સંબંધદાવે હાથઉછીના રૂ.૧ લાખ લીધા હતા. તે રકમની પરત ચૂકવણી માટે ઈકબાલભાઈએ ચેક આપ્યો હતો. તે ચેક પરત ફરતા નોટીસ અપાઈ હતી. તેમ છતાં રકમ પરત ન કરાતા દિગુભા જાડેજાએ કોર્ટમાં ઈકબાલ બ્લોચ સામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી ઈકબાલ બ્લોચને એક વર્ષની કેદની સજા અને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ન ભરવામાં આવે તો વધુ છ મહિનાની કેદની સજાનો હુકમ કરાયો છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સી.એચ. ઠાકર તથા બિમલસિંહ ડી. ઝાલા રોકાયા હતા.

જામનગરમાં પુરબ કોર્પોરેશન નામની પેઢીના એલએલપી પાર્ટનર ધર્મેશ જયંતીલાલ રાયચુરા પાસેથી શિવ એન્ટરપ્રાઈઝવાળા જીજ્ઞેશ સંતોકીએ અલગ અલગ મોબાઈલ ખરીદી તેની રકમ ચૂકવવા માટે રૂ.૯૫,૩૯૭નો ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફર્યાની ધર્મેશભાઈએ અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસમાં આરોપી હાજર થયા ન હતા અને પુરાવા વખતે પણ તેઓ કે તેમના વકીલ હાજર ન હતા. અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની કેદની સજાનો હુકમ થયો છે. ફરિયાદી તરફથી વકીલ વસંત ગોરી, દીપક નાનાણી, નેહલ સંચાણીયા રોકાયા હતા.

લેબ રિપોર્ટ ઝડપી મળે તે જરૂરીઃ

ખાદ્ય પદાર્થના નમૂનાનો રિપોર્ટ મળે તે પહેલા મીઠાઈ આરોગી જવાય છે

જામનગર તા. ૨૫ઃ જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા હાલ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવી રહ્યા છે, પંરતુ તેના રિપોર્ટ મળતા એકથી દોઢ માસનો સમય થાય છે. તયાં સુધીમાં તો મીઠાઈ વેંચાઈ જાય, ખવાય જય છે, જો કે મહાનગરપાલિકા પોતાની લેબોરેટરી બનાવવાનું આયોજન કરી રહી છે.

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરના જુદા જુદા મીઠાઈ, ફરસાણ, માવો અન્ય ખાદ્ય પદાર્થોના નમૂના લઈ તેને પૃથ્થકરણ માટે મોકલવામાં આવે છે, પરંતુ વડોદરાની લેબોરેટરીમાંથી રિપોર્ટ મળતા એક માસથી વધુ સમય થાય છે. ત્યાં સુધીમાં તહેવારો પૂરા થઈ જાય છે, અને વાસી અખાદ્ય પદાર્થનું વેંચાણ થઈ જાય છે અને લોકો દ્વારા તેનો ઉપયોગ પણ થઈ ચૂક્યો હોય છે. હકીકતે નમૂનાનો રિપોર્ટ બે-ચાર દિવસમાં મળે તો તેની સામે જરૂર પડે તો કડક પગલાં લઈ શકાય.

પરંતુ મળતી માહિતી મુજબ હવે જામનગર મહાનગરપાલિકા દ્વારા પોતાની લેબોરેટરી જામનગરમાં શરૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. આથી સત્વરે નમૂના પરીક્ષણનો રિપોર્ટ મળી રહેશે.

એક વાત એવી છે કે જામનગરમાં અમુક દુકાનોમાંથી કબજે કરેલ આખાદ્ય, વાસી ખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો તો આવા દુકાનદાર સામે પગલાં કેમ નહીં? તેના જવાબમાં અધિકારીએ જણાવ્યું હતું કે, કાંતો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવે અથવા તો ત્યાંથી નમૂના લેવામાં આવે. એક જ વેપારી સામે બબ્બે કાર્યવાહીની કોઈ જોગવાઈ નથી. જો નમૂના ફેલનો રિપોર્ટ મળે તેવા દુકાનદાર સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

સંક્ષિપ્ત સમાચાર

- ★ આધારકાર્ડને ઉંમરના પુરાવા તરીકે માન્ય રાખી શકાય નહીં : સુપ્રિમકોર્ટનો ચૂકાદો.
- ★ સાળંગપુરમાં ૨૦૦ કરોડના ખર્ચે ૧૧૦૦ રૂમનું યાત્રિક ભવન તૈયારઃ દિવાળીના દિવસે ગૃહમંત્રી અમિત શાહ તથા સંતોના હસ્તે ઉદ્ઘાટન.
- ★ કેન્દ્ર સરકારે ભંગાર અને પસ્તી વેંચીને ૧૦૦ કરોડની કમાણી કરી.
- ★ દિલ્હીમાં પ્રદુષણને કારણે મેં મોર્નિંગ વોક બંધ કરીઃ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડ.
- ★ દિલ્હી, શીલામ (એમપી) અને મદુરાઈ (તમીલનાડુ) ની સ્કૂલને વિશ્વની શ્રેષ્ઠ સ્કૂલ-૨૦૨૪ નો પુરસ્કાર એનાયત.

સિક્કાના બે આસામી સામે રાવઃ

મકાન ભાડે આપી પોલીસને વિગત ન આપતા નોંધાયો ગુન્હો

જામનગર તા. ૨૫ઃ જામનગરના સિક્કા ગામમાં બે અસામીએ પોતાના મકાન ભાડે આપી ભાડુઆતની ઓળખ સહિતની વિગત પોલીસને નહીં આપતા ગુન્હો નોંધાયો છે.

જામનગર તાલુકાના સિક્કા ગામમાં નાઝ સિનેમા પાસે તાલબ કોલોનીમાં નુર હુસેન ઈકબાલ ભાયા નામના આસામીએ પોતાનું મકાન રૂ.૮ હજારમાં ભાડે આપ્યા પછી ભાડુઆત અંગેની વિગતો પોલીસને નહીં આપતા સિક્કાના જમાદાર એમ.પી. સીંધવે ખુદ ફરિયાદી બની નુર હુસેન સામે ગુન્હો નોંધાવ્યો છે.

સિક્કાની શ્રીજી સોસાયટીમાં પંકજગીરી કાંતિગીરી રામદત્તી નામના આસામીએ પણ પોતાનું મકાન રૂ.૩૨૦૦માં ભાડે આપ્યા પછી તેની વિગતો પોલીસ સ્ટેશનમાં આપી ન હતી. જમાદાર સીંધવે આ આસામી સામે પણ ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

પોલીસે કુલ ૨૩ સામે નોંધ્યો હતો ગુન્હોઃ

વાહન પર લોન મેળવી કૌભાંડ આચરનાર આરોપી પૈકીના એકના જામીન થયા મંજૂર

જામનગર તા. ૨૫ઃ જામનગરમાં કુખ્યાત ગેંગે વાહન પર કરોડો રૂપિયાની લોન મેળવ્યા પછી લોન આપનાર કંપનીને ઠેંગો બતાવી દીધાની પોલીસમાં ફરિયાદ થઈ હતી. પોલીસે ૨૩ શખ્સ સામે ગુન્હો નોંધ્યો હતો. તેમાંથી જેલવાલે થયેલા એક આરોપીએ જામીનમુક્ત થવા કરેલી અરજી અદાલતે મંજૂર રાખી છે.

જામનગરમાં વાહન માટે લોન આપવાનું કામ કરતી ચોલા મંડલમ ઈન્વે. એન્ડ ફાયનાન્સ નામની પેઢી પાસેથી હીરાભાઈ મચ્છાભાઈ સરસીયા નામના આસામી તેમજ અન્ય વ્યક્તિઓએ અલગ અલગ વાહન ખરીદવા લોન મેળવ્યા પછી તેના હપ્તા ચઢત કરી દીધા હતા, અંદાજે રૂ.૬ કરોડ ઉપરાંતની રકમ ફાયનાન્સ પેઢીએ લેવાની બાકી હતી.

લોન પર લેવાયેલા વાહન કુખ્યાત રઝાક ચાવડા ઉર્ફે સોપારી તથા તેના સાગરિતોને વેચાણની આપી દેવામાં આવ્યા હતા. આ વાહનને ફાયનાન્સ પેઢીના કર્મચારી રોકી હપ્તા ભરવા માટે કહે તો તે વ્યક્તિને મારી નાખવાની ધમકી અપાતી હતી. આ બાબતની પોલીસમાં ફરિયાદ થયા પછી પોલીસે ૨૩ શખ્સ સામે ગુન્હો નોંધી ધરપકડ શરૂ કરી હતી અને આરોપીઓને જેલહવાલે કર્યા હતા.

આરોપી પૈકીના હીરાભાઈ સરસીયાએ જામીનમુક્ત થવા અરજી કરતા ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે, આ આરોપીએ બે ઈકો મોટર ખરીદી તેની લોનના રૂ.૯ લાખ ભર્યા નથી અને અન્ય શખ્સને તે મોટર રૂ.૧ લાખમાં વેચી નાખી છે. તેની સામે આરોપી પક્ષે દલીલ કરી હતી કે, હીરાભાઈ કોઈ ગેંગનો સદસ્ય નથી તેણે કરોડો રૂપિયાના વાહન લીધા નથી, લોન પરનું વાહન વેચાણ કરાયું હોય તેવાં કોઈ પુરાવા રજુ થયાં નથી. અદાલતે બંને પક્ષની દલીલ સાંભળ્યા પછી આરોપી હીરાભાઈને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે. આરોપી તરફથી વકીલ રાજેશ ગોસાઈ, વિશાલ જાની, રજનીકાંત નાખવા, નિતેશ મુછડીયા રોકાયા છે.

ત્રણેક કલાકમાં ઉપડી ગયું બાઈકઃ

ઠેબા બાયપાસ પાસે પાર્કિંગ પાસેથી બાઈકની થઈ ઉઠાંતરી

જામનગર તા. ૨૫ઃ જામનગરના ઠેબા બાયપાસ નજીક આવેલા સિનેમા પાસેના પાર્કિંગમાં ત્રણ સપ્તાહ પૂર્વે રાખવામાં આવેલા બાઈકની ઉઠાંતરી થઈ છે.

જામનગરના દડિયા ગામમાં વસવાટ કરતા ભાવેશભાઈ લખુભાઈ પાટડીયા નામના આસામીએ ગઈ તા.૬ની રાત્રે પોતાનું જીજે-૧૦-ડીકે ૭૬૫ નંબરનું હીરો મોટરસાયકલ જેસીઆર સિનેમા પાર્કિંગ પાસે મૂક્યું હતું. ત્યાંથી રાત્રિના દોઢેક વાગ્યા સુધીમાં રૂ.૪૫ હજારની કિંમતનું તેમનું બાઈક ચોરાઈ ગયાની સિટી એ ડિવિઝનમાં ફરિયાદ કરાઈ છે.

શહેરની દુકાનોમાં કોટપા-૨૦૦૩નું ચેકીંગઃ

લાલપુરમાં જાહેર સ્થળોએ ધ્રુમપાન તથા તમાકુની બનાવટ-વેચાણ અંગેના કેસ કરાયા

(તસ્વીરઃ પ્રવિણ ચાવડા)

લાલપુર તા. ૨૫ઃ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.એસ.ભાયા અને એપેડેમિક મેડિકલ ઓફિસર ડો. એસ.આર. રાઠોડના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી.પી. પરમારના મોનીટરીંગમાં લાલપુર શહેરની દુકાનોમાં કોટપા-૨૦૦૩ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. કલમ ૪ જાહેર સ્થળોએ ધ્રુમપાન પર પ્રતિબંધ પર ૦૫ કેસ કરવામાં આવેલ, તેમજ કલમ ૬ (અ) ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિઓને તમાકુ કે તમાકુની બનાવટ વેચવા, આપવા પર પ્રતિબંધ મુજબ ૦૩ કેસ તથા કલમ ૬(બ) શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ મુજબ ૦૨ કેસ મળી કુલ ૧૦ કેસ કરાયા હતાં.

જેમાં રૂપિયા ૨૦૦૦ દંડ વસુલ કરાયો હતો. લાલપુર તાલુકાના તાલુકા સુપરવાઈઝર એન.આર. પરમાર, જિલ્લા સાઈકોલોજિસ્ટ નઝમાબેન હાલા, સોશિયલ વર્કર ગૌતમ સોંદરવા, એમ.પી.એચ.ડબલ્યુ ડી.એમ. વરીયા અને જય ડી. અંકલેશ્વરીયા તેમજ લાલપુર પોલીસ સ્ટેશનમાંથી કોન્સ્ટેબલ નયનાબેન એમ. કરંગીયા અને અરજણ એમ. ચાવડા જોડાયા હતાં.

રાષ્ટ્રીય કક્ષાની રોબોટિક્સ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં

જામનગરની સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ રોબોટનું મોડલ તૈયાર કરીને મેળવ્યું ૫૦ હજારનું ઈનામ

હવે બીજા રાઉન્ડમાં પરફોર્મન્સ આપશે

જામનગર તા. ૨૫ઃ સરકારી પોલિટેકનિક જામનગરમાં ઈ.સી. એન્જિનિયરીંગ વિભાગના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની ગૌરવવંતી રોબોટિક્સ સ્પર્ધા ગુજરાત રોબોફેસ્ટ ૪.૦ (ઈન્ડિયાની સૌથી મોટી રોબોટીક્સ સ્પર્ધા)ના પ્રથમ રાઉન્ડ 'આઈડિશન સ્ટેઈજ-૧' માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. આ ટીમ સ્પર્ધાના આગળના રાઉન્ડમાં જવા માટે પસંદગી પામેલ છે અને સાથે સાથે તેમને આ નવીન રોબોટિક પ્રોજેક્ટ માટે ૫૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ પણ મળેલ છે.

આ ટીમમાં સામેલ ઈ.સી. વિભાગના વિદ્યાર્થીઓ સંજીવ કશ્યપ (ટીમ લીડર), કુશાંત કુંભારાણા, જીગર ભેડા અને યશ મહેતાએ સખત મહેનત કરી ટીમના મેટર ઈ.સી વિભાગના વડા આશુતોષ ભટ્ટના માર્ગદર્શન હેઠળ એક તદ્દન નવીન પ્રકાર હાથના કાંડા અને આંગળિઓના હલન ચલનથી સંચાલન કરી શકાય જેવા જેસ્ચર-કન્ટ્રોલ્ડ રોબોટિક આર્મ વિરા ઓમ્નિડિરેક્શન મૂવિંગ બેઝ રોબોટનું એક મોડેલ તૈયાર કરેલ છે. આ પ્રકારના રોબોટનો ઉપયોગ ઈંડસ્ટ્રિમાં, મોટા ગોડાઉનમાં વસ્તુઓની હેરફેર માટે તેમજ બિજે અન્ય જગ્યાઓએ મોટા પ્રમાણમાં થાય છે. આ રોબોટની લાક્ષણિકતા અને કાર્યક્ષમતા એ ન્યાયાધીશોને પ્રભાવિત કર્યા છે.

વિદ્યાર્થીઓ હવે આગામી તબક્કા 'પ્રુફ ઓફ કન્સેપ્ટ રાઉન્ડ માટે તૈયારી કરી રહ્યા છે, જે ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ ના સાયન્સ સિટી, અમદાવાદમાં યોજાશે. આ રાઉન્ડ તેમના રોબોટિક સોલ્યુશનની વ્યવહારિકતા અને અસરકારકતાનું વધુ પરીક્ષણ કરશે. ત્યારબાદ આગામી તબક્કામાં આ રોબોટનું ૩X૨.૫X૩.૫ નું સમ્પૂર્ણ રીતે કાર્ય કરતું મોડેલ તૈયાર કરવામાં આવશે.

અહીં કેમ ઉભો છો પૂછતા બબાલઃ

શંકરટેકરીમાં મહિલા પર ત્રણ શખ્સ સહિત પાંચ દ્વારા હલ્લો

જામનગર તા. ૨૫ઃ જામનગરના શંકરટેકરી વિસ્તારમાં એક શખ્સને અહીં કેમ ઉભો છો તેમ પૂછતા મહિલાને ત્રણ શખ્સ અને બે મહિલાએ ઢીકાપાટુ, લાકડીની માર માર્યો હતો.

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં આવેલા રઝાનગર પાસે પાણીના ટાંકા નજીક રહેતા રૂકસાનાબેન ઈમરાનભાઈ બ્લોચ નામના મહિલાએ ગઈકાલે બપોરે રોડ પર ઉભેલા શબ્બીર બ્લોચને અહીં કેમ ઉભો છો તેમ પૂછતા બોલાચાલી થઈ હતી. તે પછી શબ્બીરે રહેમતબેન સુમરા, રહેમત બેનની દીકરી ભુરી, ભયલા તથા સાજીદને બોલાવ્યા હતા.

તે પછી પાંચેય વ્યક્તિએ લાકડી, ઢીકાપાટુથી હુમલો કરી માર માર્યો હતો. શબ્બીરે મારી નાખવાની ધમકી આપી હતી. રૂકસાનાબેનની ફરિયાદ પરથી સિટી સી ડિવિઝન પોલીસે ગુન્હો નોંધ્યો છે.

રોકડ, દાગીના, કિંમતી સામાન સાચવો...

દિવાળીના તહેવારોમાં તકેદાર રહેવા તંત્રની તાકીદઃ જાહેર જનતાને અપીલ

જામનગર તા. ૨૫ઃ જામનગર જિલ્લા પોલીસ તંત્ર દિવાળીના તહેવારો દરમિયાન સુરક્ષાને લઈને જાહેર જનતા જોગ સંદેશો પાઠવે છે. દિવાળીના તહેવારો દરમ્યાન કેટલીક સાવધાની રાખવા નાગરિકોને અપીલ કરી છે.

તહેવારોને લઈને તંત્ર લોકોને સાવચેત કરતા જણાવ્યું છે કે આગામી દિવાળી વેકેશન દરમ્યાન નોકરિયાત વર્ગોને વતનમાં જતા પહેલા પોતાના ઘરમાં રાખેલ કિમતી સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપિયા બેંકમાં-લોકરમાં રાખવા કે કોઈ સુરક્ષીત જગ્યાએ રાખ્યા બાદ જ વતનમાં જવું, તેમજ તમારા વિશ્વાસુ પાડોશી અથવા સગા-સંબંધીઓને જાણ કરવી તેમજ શક્ય હોય તો સીસીટીવી કેમેરા-ચોકીદાર રાખવા.

દિવાળીના તહેદારો દરમ્યાન પ્રવાસે જતી વખતે ઘરમાં રાખેલ કિમતી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા બેંકમાં કે અન્ય કોઈ સુરક્ષીત જગ્યાએ રાખીને જ જવું. દિવાળી તહેવારો દરમ્યાન ફેક્ટરી વિસ્તારોમાં રજાનો માહોલ હોય, જેથી ફેક્ટરીની ઓફિસમાં કોઈ રોકડ રકમ કે અન્ય કિંમતી સામાન રાખવો નહીં. તેમજ સિક્યુરીટી ગાર્ડ તથા સીસીટીવી કેમેરાની ખાસ ખાતરી કરી લેવી.

રોડ પરથી પસાર થતી વખતે કોઈ અજાણી વ્યક્તિ તમારૂ વાહન ઉભું રાખવાનો ઈશારો કરે અથવા ગાડીમાં હવા ઓછી છે, કે ઓઈલ લીક થાય છે, તેવું કહીને ધ્યાન ભટકાવવાની કોશિશ કરે તો ખાસ એલર્ટ રહેવું. બેંક, જવેલરી શોપ કે આંગડીયા પેઢીમાં જતી વખતે અને પાછા ફરતી વખતે ખાસ ધ્યાન રાખો કે તમારો કોઈ પીછો કરતું ન હોય, અને જો કોઈ બાબત શંકાસ્પદ લાગે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરો. સીસીટીવી ચાલુ હાલતમાં રહે તેની તકેદારી રાખો અને ડીવીઆર હિડન રાખવું, આઈ કોલ્ડ કે સેમસંગ કોલ્ડમાં બેકઅપ રાખવું, જેથી ડીવીઆરને કંઈ થાય તો ફુટેજ મળી શકે. જવેલર્સ શો રૂમના માલિક કે સંચાલકે સોનાના ઘરેણા, હીરા કે પૈસા કે કોઈપણ જોખમ કોસ વેરીફાય કર્યા વગર કોઈપણ માણસને આપવું કે મોકલાવું નહીં. સંદેશના અંતે જણાવ્યું છે કે સાવધાન રહો, સુરક્ષિત રહો જામનગર જિલ્લા પોલીસ આપની સાથે જ અને આપના માટે જ છે.

યુવતીને મેસેજ કરવાની બાબતે યુવાન પર ત્રણ શખ્સ તૂટી પડ્યા

જામનગર તા. ૨૩ઃ જામજોધપુરના વાંસજાળીયા ગામના એક યુવાન એક યુવતીને કરાતા મેસેજ અંગે સમજાવટ કરવા ભાણવડના આંબલીયારા ગામમાં ગયા હતા. જ્યાં પાટીયા પાસે તેમના પર ત્રણ શખ્સે પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો.

જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામમાં રહેતા આશિષ વિરજીભાઈ સરવૈયા નામના કોળી યુવાનના પરિવાર ની એક યુવતીને ભાણવડ તાલુકાના આંબલીયારા ગામના અક્ષિન મેઘાણી નામના શખ્સે મોબાઈલ પર મેસેજ કર્યો હતો.

આ શખ્સને સમજાવવા માટે આશિષ ગયા પછી ગઈકાલે બપોરે આંબલીયારા ગામના પાટીયા પાસે તેની મોટર રોકાવી મનોજ લીંબડ, સુનિલ ચુરેરા, ભાવિન મેરાણી નામના ત્રણ શખ્સે પાઈપ વડે હુમલો કરી ગાળો ભાંડી હતી. આશિષે ભાણવડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.